બોરિસ જોન્સને વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી

સત્ય અને અહિંસાથી દુનિયા કેવી રીતે બદલી શકાય તેનું ઉદાહરણ સમગ્ર વિશ્વને ગાંધીજીએ પુરૂ પાડ્યું : યુ.કે. ના વડાપ્રધાન બોરિસ જોન્સન





ગાંધીનગર, તા. ૨૧

યુ.કે.ના વડાપ્રધાન બોરિસ જોન્સન ૨૧ એપ્રિલથી ભારતના પ્રવાસે છે. ભારત પ્રવાસની શરૂઆત બોરિસ જોન્સને ગુજરાતથી કરી છે. ગુજરાતની મુલાકાતે આવેલા યુ.કે.ના વડાપ્રધાન બોરિસ જોન્સને અમદાવાદમાં આવેલા વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ગાંધી આશ્રમની સમગ્ર મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ તેમની સાથે જોડાયા હતા.

બોરિસ જોન્સન હૃદયકુંજમાં ગાંધીજીની પાવનભુમિમાં આવીને ગાંધી વિચારોથી પ્રભાવિત થયા હતા.

તેમણે ગાંધીજીની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા. હૃદયકુંજના વિવિધ ખંડો નિહાળી તેઓએ ગાંધીજીને પ્રિય એવા ચરખા પર કાંતણ કર્યું હતું અને ગાંધી આશ્રમ ખાતે આવેલી અમદાવાદ ગેલેરીની પણ મુલાકાત લીધી હતી.

યુ.કે.ના વડાપ્રધાન બોરિસ જોન્સને ઐતિહાસિક ગાંધી આશ્રમમાં આવેલી મીરા કુટિરની પણ મુલાકાત લીધી હતી. બ્રિટિશ લેડી મેડલીન સ્લેડ જેઓ બ્રિટિશ નાગરિક હતા. તેઓ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈને ગાંધી આશ્રમ આવ્યા હતા અને તેઓ જે કુટિરમાં રહેતા હતા એ કુટિરનું નામ મીરા કુટિર રાખવામાં આવ્યું છે.

વિઝિટર્સ બુકમાં પોતાનો ભાવ વ્યક્ત કરતા યુ.કે.ના વડાપ્રધાન બોરિસ જોન્સને લખ્યું કે 'મારી ગાંધી આશ્રમની મુલાકાત અવર્ણનીય છે અને ગાંધી આશ્રમમાં આવવાનો મારો અનુભવ પણ ખૂબ જ સારો રહ્યો. સત્ય અને અહિંસાથી દુનિયા કેવી રીતે બદલી તેનું ઉદાહરણ સમગ્ર વિશ્વને ગાંધીજીએ પૂરું પાડ્યું છે...' આ અવસરે ગાંધી આશ્રમ તરફથી 'ગાઈડ ટુ લંડન' અને 'ઓટોબાયોગ્રાફી ઓફ મીરાબેન' એમ બે પુસ્તકો જોન્સનને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

આ વેળાએ મુખ્ય સચિવ પંકજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે કૈલાસનાથન, અમદાવાદ જિલ્લા કલેકટર સંદીપ સાગલે, સાબરમતી આશ્રમના ટ્રસ્ટી કાર્તિકેય સારાભાઈ, ટ્રસ્ટી અમૃતભાઈ મોદી, સાબરમતી આશ્રમના ડિરેક્ટર અતુલ પંડ્યા, ચીફ પ્રોટોકોલ ઓફિસર જવલંત ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

હાલોલમાં જેસીબીના પ્લાન્ટનું બ્રિટીશ વડાપ્રધાને ઉદ્‌ઘાટન કર્યું

જેસીબી ઈન્ડિયાએ ૬૫૦ કરોડના ખર્ચે જેસીબી પ્લાન્ટ તૈયાર કર્યો, બુલડોઝર સહિતના ઉપકરણ તૈયાર કરાશે

હાલોલ, તા.૨૧

બુલડોઝરનો નવો પ્લાન્ટ ગુજરાતના હાલોલમાં બની રહ્યો છે. ગુજરાતમાં પહેલો અને ભારતમાં છઠ્ઠો જેસીબી પ્લાન્ટ શરૂ થયો છે. આજે બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જૉન્સને પંચમહાલના હાલોલમાં જેસીબી પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે.

હાલોલમાં જેસીબી પ્લાન્ટની બ્રિટેનના પીએમ બોરિસ જ્હોન્સનના હસ્તે શરૂઆત કરવામાં આવી છે. જેસીબી ઈન્ડિયાએ ૬૫૦ કરોડના ખર્ચે જેસીબી પ્લાન્ટ તૈયાર કર્યો છે. પોલીસના ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે પ્લાન્ટનું ઈનોગ્રેશન કરવામાં આવ્યું હતું. જેના માટે પ્લાન્ટના ગેટની આગળ બે જેસીબી મશીન મૂકાયા હતા. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બ્રિટિશ મૂળ કંપની જેસીબીનો ભારતમાં છઠ્ઠો પ્લાન્ટ હાલોલમાં સ્થાપી રહી છે. યુનિટમાં બુલડોઝર સહિતના અન્ય ઉપકરણ અહીં તૈયાર કરાશે.

તમને જણાવી દઈએ કે, જેસીબી કંપની દેશમાં નવી ફેક્ટરી રાજ્યના વડોદરા શહેર નજીક હાલોલમાં સ્થાપી છે. જ્યાં કંપની વધી રહેલી માગને સંતોષવા કમર કસી રહી હોવાથી વૈશ્વિક પ્રોડક્શન લાઈનના પાર્ટસનું ઉત્પાદન કરશે. ભારત ૨૦૦૭થી જેસીબી માટે સૌથી મોટું બજાર રહ્યું છે. આગામી વર્ષના અંત સુધીમાં તૈયાર થનારી ઉદ્દોક્સેટર, સ્ટાફોર્ડશાયર, યુકેમાં જેસીબી મશીન માટેના કેબ્સ તૈયાર કરવા માટે નવી ૫૦ મિલીયન પાઉન્ડના ખર્ચે ઊભી થનાર ફેક્ટરીના કાર્યના શુભારંભના પગલે આ જાહેરાત કરવામાં આવી છે.

જેસીબી ઈન્ડિયા પહેલેથી જ દિલ્હી, પૂણે અને જયપુરમાં ફેક્ટરીઓ ધરાવે છે. પંચમહાલના હાલોલ ખાતેની ૪૪ એકરની જમીનમાં ફેલાયેલી આ નવી ફેક્ટરીમાં આગામી વર્ષે ઉત્પાદન શરૂ થશે. તેમાં અત્યંત અદ્યતન લેસર કટીંગ, વેલ્ડિંગ અને મશિનીંગ ક્ષમતાનો સમાવેશ થશે

ભારત-બ્રિટન વચ્ચે એક અબજ પાઉન્ડના કરાર

જ્હોન્સને બંને દેશોમાં રોકાણના પ્રસ્તાવો રજૂ કરીને ૧ અબજ બ્રિટશ પાઉન્ડના કરારની જાહેરાત અમદાવાદ ખાતે કરી

અમદાવાદ, તા.૨૧

બ્રિટનના વડાપ્રધાન ગુરૂવારે ૨ દિવસના ભારતના પ્રવાસે આવ્યા છે. ૨૧મી એપ્રિલે બોરિસ જ્હોન્સનન અમદાવાદ આવી પહોંચ્યા છે. ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ બ્રિટિશ પ્રથમ અમદાવાદથી તેમના પ્રવાસની શરૂઆત કરવા જોવા મળ્યાં છે. જ્હોન્સનને ભારત-બ્રિટનના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે ૧ અબજ પાઉન્ડના કરારની જાહેરાત કરી છે.

જ્હોન્સને ભારત અને બ્રિટનમાં બંને દેશોમાં રોકાણના પ્રસ્તાવો રજૂ કરીને કુલ ૧ અબજ બ્રિટશ પાઉન્ડના કરારની જાહેરાત અમદાવાદ ખાતે કરી છે. જ્હોન્સને કહ્યું કે આ નવા કરારથી બંને દેશો વચ્ચેના કારોબારી સંબંધો ગાઢ બનશે. ન્યૂ એજ ટેક્નોલોજી છેં અને અન્ય સેક્ટર માટે આ રોકાણ કરાર કરવામાં આવ્યા છે.

યુકે અને ભારતીય બિઝનેસ આજે સોફ્ટવેર એન્જિનિયરિંગથી આરોગ્ય સુધીના ક્ષેત્રોમાં નવા રોકાણ અને નિકાસ સોદામાં ૧ અબજ પાઉન્ડની જાહેરાત કરી છે. આ રોકાણથી પ્રત્યક્ષ ૧૧,૦૦૦ નોકરીઓનું સર્જન થશે. આ કરારોમાં આ મુજબની જાહેરાતો શામેલ છે.

યુકેમાં નવી સ્વિચ મોબિલિટી ઈલેક્ટ્રિક બસ આરએન્ડડીસેન્ટર અને ચેન્નાઈમાં તેમના એશિયા પેસિફિક હેડક્વાર્ટરનું ઉદ્ઘાટન, ભારત-યુકેમાં ૧૦૦૦ થી વધુ નોકરીઓનું સર્જન થશે.

ટોચની ભારતીય ઓટોમોબાઈલ કંપની ભારત ફોર્જ અને ઈલેક્ટ્રિક ટ્રક નિર્માતા ટેવવા મોટર્સદક્ષિણ-પૂર્વમાં નવી સાઈટનું વિસ્તરણ કરવા અને ૫૦૦ નવી નોકરીઓનું સર્જન કરવા માટે રોકાણ.

ભારતીય સોફ્ટવેર કંપની માસ્ટેક યુકેમાં આગામી ત્રણ વર્ષમાં ૧૬૦૦ નોકરીઓનું સર્જન કરવા ૭.૯ કરોડ પાઉન્ડનું રોકાણ કરશે.

બિઝનેસ કન્સલ્ટન્સી ફર્સ્ટસોર્સ સાઉથ વેલ્સ, મિડલેન્ડ્સ અને ઉત્તર-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમના શહેરોમાં નવી ઓફિસો ખોલશે. હર્ટફોર્ડશાયર સ્થિત કંપની સ્મિથ એન્ડ નેફ્યુએ ભારતમાં રોબોટિક સર્જિકલ સિસ્ટમ્સ વેચવા માટે એક મોટી એક્સપોર્ટ ડીલ કરી છે અને નોર્થમ્પટનશાયર બિઝનેસ સ્કોટ બેડર દેશમાં રીન્યૂએબલ એનર્જી કંપનીઓને સપ્લાય કરવા માટે નવી રેઝિન્સ ફેક્ટરી ખોલશે.

ભારતીય અવકાશ સંશોધન સંસ્થાની બિઝનેસ કંપની ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ સાથે ઉપગ્રહ પ્રક્ષેપણ માટેના ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કરનાર વનવેબના ડીલની પણ જાહેરાત.

આવતીકાલે એટલેકે શુક્રવારે જ્હોન્સનન અને વડાપ્રધાન મોદી વચ્ચે બેઠક યોજાશે, જેમાં ડિફેન્સ અને અન્ય મોટા સોદાની પણ જાહેરાત થઈ શકે છે. આ સિવાય બેઠકમાં ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો નવો પાયો નંખાઈ શકે છે.

બોરિસ જોન્સનનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માપૂર્ણ સ્વાગત કરતા રાજ્યપાલશ્રી- મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત પ્રવાસે આવેલા યુનાઈટેડ કિંગડમના વડાપ્રધાન બોરિસ જોન્સનનું અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું.

બોરીસ જોન્સનનું અમદાવાદ એરપોર્ટ ખાતે આગમન થયું ત્યારે ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને પ્રદર્શિત કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

આ ઉષ્માપૂર્ણ સ્વાગત અવસરે પ્રોટોકોલ મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદના મેયર કિરીટભાઈ પરમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ પંકજકુમાર, પોલીસ વડા આશિષ ભાટિયા, જિલ્લા કલેકટર સંદીપ સાગલે અને શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યની સરકારી શાળાઓની સ્થિતિની વિગતો રજૂ કરવા નિર્દેશ

હાઈકોર્ટે સ્કૂલમાં મળતી સુવિધા અંગે ગંભીર નોંધ લીધી

અમદાવાદ, તા.૨૧

ખુલ્લામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંગે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીના વિવાદાસ્પદ નિવેદન સંદર્ભે સુઓ મોટો અરજી અંગે સુનાવણી હાથ ધરવામાં આવી. જેમાં મુખ્ય ન્યાયાધીશ અરવિંદકુમાર ફરી એકવાર રાજ્ય સરકારને રાજ્યમાં સરકારી સ્કૂલોની પરિસ્થિતિ અંગે વિગતો રજૂ કરવા નિર્દેશ આપ્યા છે કોર્ટે કહ્યું કે, સરકારી સ્કૂલઓની પરિસ્થિતિ અને જેમાં વિદ્યાર્થીઓને અપાતી સગવડતા અને સુવિધા અને વિગતો રજૂ કરવામાં આવે. સુનાવણી દરમિયાન મુખ્ય સરકારી વકીલ દ્વારા નિવેદન કરવામાં આવ્યું કે, રાજ્યમાં કુલ ૩૭ જેટલી સ્કૂલઓ જર્જરિત હાલતમાં છે.

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અરવિંદ કુમારે રાજ્યની સરકારી સ્કૂલઓની પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે, મધ્યમાં આવેલા અહેવાલ પ્રમાણે વલસાડ જિલ્લાની એક સ્કૂલમાં પીવાના પાણીની સમસ્યા અંગેનો ઉલ્લેખ કર્યો. સાથે જ સરકાર પાસે તમામ સરકારી સ્કૂલઓની પરિસ્થિતિ અને ઉપલબ્ધ સુવિધાઓ અંગેની વિગતો રજુ કરવા નિર્દેશ આપ્યા છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, ખંડપીઠે બાળકોને સ્કૂલમાં મળતી સુવિધા અંગે પણ ગંભીર નોંધ લીધી છે.

કોર્ટે કહ્યું કે, 'તેમના ધ્યાને આવ્યું છે કે વલસાડ જિલ્લાના ધરમપુરની સ્કૂલમાં પીવાના પાણીની સુવિધા નથી'. જેથી એડવોકેટ જનરલને સ્કૂલની વાસ્તવિક સ્થિતિની સાથે વિદ્યાર્થીઓ માટે સ્કૂલમાં ઉપલબ્ધ સુવિધા અંગેની વિગતો પણ રજૂ કરવા માટે કહ્યું છે.

શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ ડિસેમ્બર ૨૦૨૧માં છોટાઉદેપુરની એક સ્કૂલમાં ખુલ્લામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંગે ટિપ્પણી કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, ખુલ્લામાં ભણવું, એ બાબત નવી નથી, કારણ કે તેઓ જ્યારે અભ્યાસ કરતા ત્યારે આજ રીતે બહાર બેસી અભ્યાસ કરતા'. આ નિવેદન સામે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જે.બી.પારડીવાલાની અને જસ્ટિસ નિલય મહેતાની ખંડપીઠે ગંભીર નોંધ લઈ સુઆ મોટો દાખલ કરી હતી. શિક્ષણ મંત્રીના આ પ્રકારના નિવેદન સામે હાઈકોર્ટે ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે તેમના નિવેદનને શરમજનક જણાવ્યું હતું.

વલસાડના પંપે પાણીવાળું પેટ્રોલ આપ્યું, વાહનો બગડ્યા

૩૦થી વધુ વાહનોની પેટ્રોલની ટાંકીમાં પેટ્રોલ સાથે પાણી પણ આવતા રોષે ભરાયેલા વાહન ચાલકોએ પેટ્રોલ પંપ પર હોબાળો મચાવ્યો

વલસાડ,તા.૨૧

શહેરની ધરમપુર ચોકડી નજીક આવેલા ઈન્ડિયન ઓઈલના પેટ્રોલ પંપમાંથી પેટ્રોલની સાથે પાણી નીકળતા અસંખ્ય વાહનો ખોટવાયા હતા. આ કારણે ૨૦થી વધુ વાહનોની પેટ્રોલની ટાંકીમાં પેટ્રોલ સાથે પાણી પણ આવતા વાહનોમાં ખામી સર્જાઈ હતી. આથી વાહનચાલકોએ પેટ્રોલ પંપ પર હોબાળો મચાવતા માહોલ ગરમાયો હતો. જે બાદ પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો. રોષે ભરાયેલા વાહન ચાલકોએ પેટ્રોલ પંપના સંચાલક પાસેથી પોતાના વાહનમાં થયેલા નુકસાનના વળતરની માંગ કરી હતી. જે બાદ પંપના ચાલકે પમ વાહનના રિપેરિંગ કરાવવાની ખાતરી આપી હતી. બનાવની વિગત મુજબ, વલસાડના ધરમપુર ચોકડી નજીક આવેલા ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પર બુધવારે સાંજના સમયે પેટ્રોલ ભરાવવા આવેલા વાહન ચાલકોને કડવો અનુભવ થયો હતો. આ પંપ પર પેટ્રોલ ભરાવવા આવેલા વાહનોમાં પેટ્રોલની સાથે પાણી પણ પેટ્રોલ ટાંકીમાં ગયું હતું. આથી પેટ્રોલ ભરાવી અને વાહનો થોડા આગળ વધતાં જ અનેક વાહનો ખોટવાયા હતા. આમ ટુ વ્હીલર અને ફોર વ્હીલર મળી ૩૦થી વધુ વાહનોની પેટ્રોલની ટાંકીમાં પેટ્રોલ સાથે પાણી પણ આવતા રોષે ભરાયેલા વાહન ચાલકોએ પેટ્રોલ પંપ પર હોબાળો મચાવ્યો હતો. પેટ્રોલ પંપમાંથી પેટ્રોલ સાથે પાણીનીકળતા વાહનચાલકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. રોષે ભરાયેલા વાહનચાલકોએ પેટ્રોલ પંપના સંચાલક પાસેથી વાહનને થયેલા નુકસાનના વળતરની માંગ કરી હતી. જોકે પેટ્રોલ પંપ સંચાલક પોતાનો બચાવ કરતા જોવા મળ્યા હતા. પેટ્રોલ પંપના સંચાલક અને વાહન ચાલકો વચ્ચે બબાલ થતા મામલો ગરમાયો હતો હતી. ઘટનાની જાણ થતાં વલસાડ પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો અને પરિસ્થિતિ થાળે પાડવા પ્રયાસ કર્યો હતો. મહત્વપૂર્ણ છે કે, આ અગાઉ પણ વલસાડના આ પેટ્રોલ પંપ પર ગેરરીતિની ફરિયાદો મળી ચૂકી હતી. ત્યારે ફરી એક વખત આ પંપ પર પેટ્રોલ સાથે પાણી નીકળતા અનેક વાહનોમાં નુકસાન થયું હતું. આથી વાહનચાલકોએ પેટ્રોલ પંપ સંચાલક પર ગંભીર આક્ષેપો કર્યા હતા.

જનસેવા કેન્દ્રો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભ મળવાપાત્ર થશે, તેમજ વર્ગ-૪ની કક્ષાની તમામ જગ્યા સરકારશ્રીની સુચના મુજબ આઉટસોર્સ મારફતે ભરવામાં આવશે. જે અધિકારી-કર્મચારીઓને ઉપલી જગ્યાના સંખ્યાબળના અભાવે બઢતી મળતી ન હોતી તેમને પણ સંખ્યામાં વધારો થવાને લીધે લાભ મળી શકશે. મહાનગરપાલિકાના મહેકમમાં વધારો થયેલ હોવાથી રોજગારીની નવી તકો ઉભી થશે.

અટવાય નહિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રને લોકાભિમુખ બનાવવા માટે પણ અમે સતત અધિકારીઓ સાથે પરામર્શ કરી અને આગળ વધી રહ્યા છીએ. મહેકમની દરખાસ્ત તૈયાર કરતાં પહેલાં અન્ય મનપાઓના મહેકમના માળખા અંગે અભ્યાસ કરવામાં આવ્યો હતો એટલુ જ નહિ તે સંદર્ભે જરૂરી પરામર્શ પણ કરાયાનો તેમને સ્વીકાર કર્યો હતો.

હાથ ધરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોલી દેવામાં આવતા આર્યુવેદિક કોલેજ તરફ જતા માર્ગ પર વાહનોની અવરજવર સરળ બનશે ટ્રાફિકનો ધમધમાટ પણ આ માર્ગ પર વિશેષ રહેતો હોવાથી વાહનોની અવરજવર પણ સલામત બનશે તે પણ મનાઇ રહ્યુ છે. ગુડા વિસ્તારમાં તબક્કવાર માર્ગો ખુલ્લા કરવામાં આવી રહ્યા છે. જેથી વિકાસના અનેકવિધ કામો સાથે માળખાગત સુવિધાની કામગીરીને વેગ આપી શકાય અગાઉ પણ ટી પી વિસ્તારમા લાંબા સમયના અંતે માર્ગો ખુલ્લા કરવા સહીત આસપાસના વિસ્તારમાં લાંબા સમયથી ઉભા થયેલા દબાણો પણ દુર કરાયા હતા.

ડમ્પરનું ટાયર ફરી વળતા સ્કૂલે જતા બાળકનું મોત થયું

અમદાવાદ, તા.૨૧

શહેરના પાંજરાપોળ ચાર રસ્તા નજીક અકસ્માતની ઘટનામાં આંબાવાડીમાં રહેતા ૬ વર્ષીય દહર ભટ્ટ નામના છોકરાનું મોત નીપજ્યું છે. ૬ વર્ષીય દહર ભટ્ટ જ્યારે તેની માતા સાથે ટૂ-વ્હીલર પર સ્કૂલે જઈ રહ્યો હતો ત્યારે અકસ્માતની આ ઘટના બની હતી. મળતી માહિતી મુજબ, અકસ્માતની આ ઘટનામાં ૬ વર્ષીય દહર ભટ્ટ નામનો છોકરો ટૂ-વ્હીલર પરથી નીચે રસ્તા પર પડ્યો હતો અને તેના પર ડમ્પરનું ટાયર ફરી વળ્યું હતું. ૬ વર્ષીય દહરના માથા પર ડમ્પરનું ટાયર ફરી વળતા તે કચડાઈ ગયો હતો. હાલ અકસ્માતની આ ઘટનામાં ટ્રાફિક પોલીસે ગુનો નોંધતા ભાગી ગયેલા ડમ્પર ચાલકને પકડવાના પ્રયાસ શરૂ કર્યા છે.

ટ્રાફિક સમસ્યાથી મોદીએ રૂપાણીના પુત્રના રિસેપ્શનમાં જવાનું ટાળ્યું

રૂપાણીના પુત્રના લગ્નનું રિસેપ્શન ૧૯મી એપ્રિલે રાત્રે એસજી હાઈવે પરના એક ખાનગી પાર્ટીપ્લોટમાં હતું

અમદાવાદ, તા.૨૧

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પુત્રના લગ્નના રિસેપ્શનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં હોવા છતાં શા માટે હાજર ન રહ્યા તેની ચર્ચા ચાલી રહી છે. વડાપ્રધાન તા. ૧૮, ૧૯ અને ૨૦ એમ ત્રણ દિવસ સુધી ગુજરાતમાં હતા જ્યારે રૂપાણીના પુત્રના લગ્નનું રિસેપ્શન ૧૯મી એપ્રિલે રાત્રે એસજી હાઈવે પરના એક ખાનગી પાર્ટીપ્લોટમાં હતું.

રૂપાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના અનેક રાજકીય નેતાઓને આમંત્રણ આપ્યું હતું. ૧૯મીએ વડાપ્રધાન અમદાવાદમાં જ હોવાથી તેઓ રિસેપ્શનમાં હાજર રહેશે તેવી શક્યતાઓ અને અટકળો થઈ રહી હતી. રિસેપ્શનમાં હાલના તેમજ રૂપાણી સરકારના મોટાભાગના પૂર્વ મંત્રીઓ, ભાજપના સાંસદો, ભાજપના ધારાસભ્યો અને નાના મોટા નેતાઓ તેમજ અનેક સિનિયર અને જુનિયર આઈએએસ તથા આઈપીએસ અધિકારીઓ હાજર રહ્યા હતા જેને પગલે પહેલેથી જ ટ્રાફિક જામની સમસ્યા શરૂ થઈ હતી.

વડાપ્રધાને પણ એક તબક્કે રિસેપ્શનમાં હાજરી આપવાનું નક્કી કર્યું હતું પરંતુ છેલ્લી ઘડીએ વિચાર્યું કે જો હું આ રિસેપ્શનમાં જઈશ તો ગાંધીનગર-એસજી હાઈવે પર તેમજ આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા ગંભીર બનશે અને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. તેમ જ લોકોનો બેથી ત્રણ કલાકનો સમય પણ બગડી જશે. વડાપ્રધાન મોદીનો વિચાર પણ સારો જ હતો કારણકે વડાપ્રધાનની સલામતી માટે અનેક ગાડીઓ અને કમાન્ડોનો કાફલો તેમની સાથે જતો હોય છે. વડાપ્રધાન આવવાના હોય અને પરત જવાના હોય ત્યારે પણ અગાઉથી તેમના માટેનો રસ્તો અને ટ્રાફિક ક્લિયર રાખવો પડે છે. પીક અવર્સમાં જો આવું કરવામાં આવે તો વાસ્તવિક રીતે લોકોની સમસ્યા અને તકલીફમાં વધારો થઈ જાય.

રિસેપ્શન સ્થળ પર ઉપસ્થિત રહેલા અનેક નેતાઓ અને બાબુઓ ચર્ચા કરતા હતા કે નાગરિકોની સમસ્યાનું વિચારીને વડાપ્રધાને ખરેખર પ્રશંસનીય નિર્ણય કર્યો છે.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત નૂતન મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા સંપન્ન

વિશ્વશાંતિ માટે સાત્વિક યજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત, શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, એમ્બલટન, પર્થ, ઓસ્ટ્રેલિયા ખાતેના નૂતન મંદિરના પ્રતિષ્ઠા અંતર્ગત વિદેશી ધરતી પર સનાતન વૈદિક ધર્મની સુવાસ મહેંકી ઊઠી હતી તેમજ વિશ્વશાંતિ માટે સાત્વિક યજ્ઞ કરવામાં આવ્યો હતો. ભારતીય વૈદિક સનાતન સંસ્કૃતિ મુજબ સુવર્ણ મંડિત કળશ અને ધ્વજવંડ શિખરોની શોભા પણ કંઈક ઓર જ હતી.

મંદિરમાં પૂજન, આરતી, અન્નકૂટ વિગેરે પણ યોજાયા હતા. પરમ પૂજય આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે મનુષ્યે જીવનમાં સત્સંગની ટેવ રાખવી; સત્સંગથી મનુષ્યનું જીવન સંસ્કારીત બને છે. મહોત્સવમાં ભારત, અમેરિકા, કેનેડા, નાઈરોબી, લંડન, બોલ્ટન તેમજ ઓસ્ટ્રેલિયાના હરિભક્તોનો સમૂહ ઉપસ્થિત રહ્યો હતો.